## જન્મદિને વધામણી



મહેશકુમાર કેશવલાલ સુખડીયા
મો. ૯૯૦૯૯ ૫૫૬૬૦



ધૃમિન રાજેશ પટેલ
મો. ૯૯૯૮૪ ૦૦૯૫૦



શાનિ શિતાબુદ્દીન કાદરી



શિવાય રાકેશકુમાર વાળંદ

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન - ૧**
રાઝી
૩.૩૦,૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન - ૩**
ડેડપૂલ-૨
(૨-ડી, હિન્દી)
૨.૪૫, ૭.૪૫
ડેડપૂલ-૨
(૨-ડી, અંગ્રેજી)
૧૨.૧૫, ૫.૧૫, ૧૦.૧૫

**સ્ક્રીન - ૪**
હાઈ જેક
૧.૦૦
ફેરા ફેરી હેરા ફેરી
(ગુજરાતી)
૩.૩૦, ૯.૩૦
વાંઢા વિલાસ (ગુજરાતી)
૭.૦૦

**સ્ક્રીન - ૫**
રાઝી
૧૨.૩૦
૧૦૨ નૉટ આઉટ
૪.૦૦, ૧૦.૦૦

# ગાંધીનગરના બે વિદ્યાર્થીઓનું રાષ્ટ્રીય સ્તરે ઉચ્ચ પ્રદર્શન



ગાંધીનગર, તા. ૧૯

કલિંગા ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ડસ્ટ્રીયલ ટેકનોલોજી જેવી ઉચ્ચ સ્તરની ઈન્સ્ટીટ્યુટમાં પ્રવેશ માટેની ઓલ ઈન્ડિયા લેવલની સ્પર્ધાત્મક પરીક્ષામાં ગાંધીનગરના બે વિદ્યાર્થીઓ યુગમ ભારદ્વાજ અને યુગલ ભારદ્વાજે અનુક્રમે પ્રથમ અને ચોથું સ્થાન પ્રાપ્ત કરી મેદાન માર્યું છે.

૫૫ હજાર જેટલા વિદ્યાર્થીઓ આ પરીક્ષામાં બેઠા હતા. ઉલ્લેખનીય છે કે બંને વિદ્યાર્થીઓએ પરીક્ષા માટે તૈયારીની શરૂઆત ગાંધીનગરમાં કાર્યરત કરિયર લોંચરના શિક્ષક હાર્દિક પરીખ અને પરિધિ ત્રિવેદી પરીખના સચોટ માર્ગદર્શન હેઠળ કરી હતી.

ગાંધીનગર જેવા મર્યાદિત વિસ્તારમાંથી પણ આ બે વિદ્યાર્થીઓએ આગવું સ્થાન પ્રાપ્ત કરતાં એમના માતા-પિતા અને શિક્ષકગણે ગર્વ અને ખુશીની લાગણી વ્યક્ત કરી હતી. કરિયર લોંચરના ડિરેક્ટર હાર્દિક પરીખના જણાવ્યા અનુસાર બંને વિદ્યાર્થીઓ ખૂબ જ પરિશ્રમી અને ધ્યેયલક્ષી છે, જેના કારણે આ ઉચ્ચ પરિણામ તેઓ મેળવી શક્યા છે.

### શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત

# શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય દ્વારા શ્રેષ્ઠ પરિણામ લાવનારી વિદ્યાર્થિનીઓને બિરદાવાઈ

ગાંધીનગર, તા. ૧૯

ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના તાજેતરમાં જાહેર થયેલા પરિણામમાં શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય, સૅક્ટર-૭, ગાંધીનગરની જે વિદ્યાર્થિનીઓ શ્રેષ્ઠ પરિણામ લાવી છે તેમને શાળાનાં ઈન-ચાર્જ આચાર્ય રમીલાબેન તથા શાળા પરિવારે હાર્દિક અભિનંદન સહ શુભકામનાઓ પાઠવી છે. આ વિદ્યાર્થિનીઓનાં તમામ માર્ગદર્શક શિક્ષકોને પણ શાળા પરિવાર દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# જાતિ ભેદભાવથી દેશમાં વર્ષે ૨.૩૯ લાખ બાળકીઓનાં મોત

ન્યુ દિલ્હી, તા.૧૯

દેશમાં હજુ પણ જાતિગત ભેદભાવને લઈને લોકોમાં જાગૃતિ આવી નથી, બાળકીઓને જન્મ લેવાથી લઈને જન્મ લીધા બાદ સમાજમાં તેનું અસ્તિત્વ ટકાવી રાખવું એક પડકાર છે. સરકારની કરોડો રૂપિયાની જાહેરાત છતા ભારતમાં મહિલાઓની સ્થિતિ કફોડી બતની જાય છે. ભારતના નહીં પરંતુ દુનિયાના સૌથી જૂના અને વિશ્વાસુ સાપ્તાહિક ધ લેનસેટે ભારતમાં બાળકીઓના મૃત્યુદર પર વાર્ષિક રિપોર્ટ તૈયાર કર્યો છે, જેમાં કેટલાક ચોંકાવનારા તથ્યો સામે આવ્યા છે. રિપોર્ટમાં દાવો કરાયો કે ભારતમાં દર વર્ષે ૨.૩૯ લાખ બાળકીઓના મોત માત્ર એટલા કારણથી થઈ રહ્યાં છે કે તેમની સમસ્યાઓને નજરઅંદાજ કરવામાં આવે છે. એટલે તે જાતિભેદભાવને કારણે. આ રિપોર્ટની ખાસ વાત તો એ છે કે ૨.૩૯ લાખ મોતમાં ભ્રૂણહત્યાના આંકડા તો સામેલ જ નથી. મેડિકલ જનરલે પોતાના રિપોર્ટમાં દાવો કર્યો કે શિક્ષણ, રોજગારી, રાજકારણ એવાં ક્ષેત્રો છે કે જ્યાં બાળકીઓને સૌથી વધુ ભેદભાવનો સામનો કરવો પડે છે. રસીકરણ અને પોષણમાં કમી કે લાપરવાહી બાળકીઓનાં મોતનું મોટું કારણ બને છે. ખાસ વાત એ છે કે જે ૨.૩૯ લાખ બાળકીઓનાં મોતનો ઉલ્લેખ કરાયો છે તે એવા કેસો છે કે જેમને સતર્કતા અને જાગૃતિ દ્વારા અટકાવી શકાયાં હોત. રિપોર્ટમાં તેમને 'એવોઈડેબલ ડેથ' (ટાળી શકાય તેવાં મોત) ગણાવાયાં છે. તેથી રિપોર્ટમાં સાફ શબ્દોમાં લખ્યું છે કે જાતિ ભેદભાવના કારણે બાળકીઓની સમસ્યાઓ નજરઅંદાજ કરાઈ, જે મોતનું કારણ બની. રિપોર્ટ મુજબ ભારતમાં ૧૦૭ છોકરાઓ સામે ૧૦૦ છોકરીઓનો જાતિ ગુણોત્તર છે. મતલબ કે ૧૦૭ છોકરા સામે ૧૦૦ છોકરીઓ જન્મે છે. દેશમાં છોકરીઓની સંખ્યા છોકરાઓથી અંદાજે ૬ કરોડ ઓછી છે. ૬૪૦ જિલ્લાનાં સેમ્પલ લઈને અભ્યાસ કરાયો. એક દાયકામાં અંદાજે ૨૪ લાખ બાળકીઓનાં મોત. બાળકીના મૃત્યુદરમાં ૪ રાજ્ય ઉત્તરપ્રદેશ, બિહાર, રાજસ્થાન અને મધ્યપ્રદેશની સ્થિતિ સૌથી ખરાબ. તેમાંથી મોટા ભાગના એવોઈડેબલ ડેથ, મતલબ કે એવાં મોત કે જે જાગૃતિથી અટકાવી શકાય. રિપોર્ટ મુજબ ભારતના ૮૦ ટકાથી વધુ રાજ્યોમાં ૫ વર્ષથી ઓછી ઉંમરની બાળકીઓના મૃત્યુદરમાં છેલ્લા એક વર્ષમાં વધારો થયો છે. વર્ષ ૨૦૦૦થી ૨૦૦૫ વચ્ચે દર ૧ હજાર બાળકીઓમાંથી ૧૮.૫ના જન્મ સમયે જ મોત થયાં. જાતિ ભેદભાવના કારણે જેટલી બાળકીઓનાં મોત થાય છે તેમાંથી બે-તૃતીયાંશ તો ઉત્તરપ્રદેશ, બિહાર, રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં જ થાય છે.

## ઉગમણા સત્તાવીસ ગોળ રોહિત સમાજ ટ્રસ્ટ દ્વારા વિદ્યાર્થીઓને અભ્યાસ માટે સહાય કરાશે

ગાંધીનગર, તા. ૧૯

ઉગમણા સત્તાવીસ ગોળ રોહિત સમાજ ટ્રસ્ટ દ્વારા ગોળના ગામોમાં તથા શહેરોમાં રહેતા અને અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓને દર વર્ષની જેમ આ વર્ષે ધોરણ-૧થી ૪ને પાંચ નોટબૂક તથા ધોરણ-૫થી ૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ૧૦ નોટબૂક/ચોપડા વિનામૂલ્યે આપવાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ નોટબૂક/ચોપડા ચાલુ માસની આખર તારીખ સુધીમાં ગોળના ગામોના કારોબારી સભ્યો/આ.કા. સભ્યો વિગેરે મારફત પહોંચતા કરવામાં આવશે, જેથી ટ્રસ્ટના તમામ હોદ્દેદારો/કારોબારી સભ્યોને તેમના ગામમાં, શહેરમાં ભણતા વિદ્યાર્થીઓનું લિસ્ટ બનાવી તાત્કાલિક સંસ્થાના હોદ્દેદારો, સભ્યોને મોકલી આપવા સંસ્થા દ્વારા અપીલ કરવામાં આવી છે.

આ લિસ્ટ નીચે જણાવેલા પૈકી કોઈપણ હોદ્દેદાર, સભ્યને મોકલી શકાશે.

(૧) કનુભાઈ બી મહેરિયા, મહામંત્રી, ૧૩૦૨, શિવમ સોસાયટી, સેક્ટર-૨૭ (૨) કરસનભાઈ વી પરમાર, ઉપપ્રમુખ, ભવસાગર સોસાયટી, સાબરમતી, અમદાવાદ (૩) કાલિદાસ બી પરમાર, ઉપપ્રમુખ, રહસ્ય સોસાયટી, શાહીબાગ, અમદાવાદ (૪) હિતેન્દ્રકુમાર જે પરમાર, ઉપપ્રમુખ, હુડકો, ચામુંડા પુરા, કોલવડા (૫) ચતુરભાઈ કાલિદાસ પરમાર, સાંસ્કૃતિક અધ્યક્ષ, જગજીવનરામ સોસાયટી, કલોલ (૫) ધુળાભાઈ સદાભાઈ મહેરિયા, કારોબારી સભ્ય, લીંબોદરા, તા. કલોલ, જિ. ગાંધીનગર.

## સંસ્કાર ગૃપ દ્વારા આજે વાચન પ્રવૃત્તિ અને ઉજાણીનું આયોજન

ગાંધીનગર, તા. ૧૯

બાળકોની પ્રવૃત્તિઓમાં રત નગરની સંસ્થા સંસ્કાર ગૃપ દ્વારા રવિવારે વાચન અને સર્વ ધર્મ સમાન પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગેની વિગતો આપતાં ગૃપના પ્રમુખ તુષાર દવેએ જણાવ્યું છે કે ગૃપ દ્વારા દર રવિવારે નિયમિત કરવામાં આવતી પ્રવૃત્તિઓ અંતર્ગત રવિવાર, તા. ૨૦ મેના રોજ જાહેર ઉદ્યાન, સુવિધા કચેરી પાસે, સૅક્ટર-૭, ગાંધીનગર ખાતે સાંજે ૬.૩૦થી ૭.૩૦ દરમિયાન બાળકો દ્વારા વાચન, સર્વધર્મ સમભાવ અને અંતે, આઈસક્રીમની ઉજાણીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે.

સંસ્થાના સભ્યો ઉપરાંત રસ ધરાવતાં નગરનાં સૌ બાળકોને આ પ્રવૃત્તિમાં જોડાવા માટે તેમણે આમંત્રણ પાઠવ્યું છે.

### ગુજરાત યુનિવર્સિટીના

# આંતરરાષ્ટ્રીય સ્ટુડન્ટ એક્સચેન્જ પ્રોગ્રામ અંતર્ગત જીલ જોષી જાપાનમાં અભ્યાસ માટે પસંદગી પામ્યાં

ગાંધીનગર, તા. ૧૯

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન એચ કે આર્ટ્સ કૉલેજની વિદ્યાર્થિની કુ. જીલ જગદીશકુમાર જોષીની ઓટેમોન ગાકુઈન યુનિવર્સિટી જાપાનના આંતરરાષ્ટ્રીય સેન્ટર દ્વારા યોજાતા આંતરરાષ્ટ્રીય સ્ટુડન્ટ એક્સચેન્જ પ્રોગ્રામમાં પસંદગી થઈ છે. તેઓ જાપાન જવા રવાના થઈ ચૂક્યાં છે.

છેલ્લા ત્રણેક દાયકાથી ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ અને ઓટેમોન ગાકુઈન યુનિવર્સિટી વચ્ચે આ આંતરરાષ્ટ્રીય સ્ટુડન્ટ એક્સચેન્જ પ્રોગ્રામ સફળતાપૂર્વક ચાલે છે. આ પ્રોગ્રામ અંતર્ગત દર વર્ષે ત્રણ વિદ્યાર્થીઓ જાપાન જાય છે અને ત્રણ વિદ્યાર્થીઓ જાપાનથી ભારત આવે છે.



જીલ જોષી ભારતીય શાસ્ત્રીય નૃત્યો - ભરતનાટ્યમ અને કથ્થકમાં નિપુણ છે. તેમણે રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ ભરતનાટ્યમ અને કથ્થક તેમજ નાટક અને સ્કિટ વગેરેના સ્ટેજ કાર્યક્રમો અને સ્પર્ધાઓમાં ભાગ લીધો છે. જીલ જાપાનના મેથી જુલાઈ, ૨૦૧૮ સ્ટુડન્ટ એક્સચેન્જ પ્રોગ્રામ દરમિયાન જાપાનીઝ શાસ્ત્રીય નૃત્ય, જાપાનીઝ ભાષા અને માર્શલ આર્ટની તાલીમ મેળવશે તથા ભારતીય શાસ્ત્રીય નૃત્ય કથ્થક અને ભરતનાટ્યમ તેમજ હિન્દી ભાષાના વર્કશૉપનું આયોજન કરશે, જાપાનીઝ વિદ્યાર્થીઓને તાલીમ આપશે.

આ આંતરરાષ્ટ્રીય સ્ટુડન્ટ એક્સચેન્જ પ્રોગ્રામથી ભારતીય તેમજ જાપાનીઝ વિદ્યાર્થીઓ આંતરરાષ્ટ્રીય અનુભવ મેળવવા ઉપરાંત તે દેશની શિક્ષણ વ્યવસ્થા, સંસ્કૃતિ, ભાષા અને સમાજજીવનથી અવગત થાય છે.

# વિશ્વગ્રામ પ્રેરિત ૯મું સદ્ભાવના પર્વ ૮થી ૧૦ જૂન દરમિયાન મહુવામાં યોજાશે

ગાંધીનગર, તા. ૧૯

વિશ્વગ્રામ પ્રેરિત ૯મું સદ્ભાવના પર્વ આગામી જૂન માસમાં યોજાઈ રહ્યું છે.

આ અંગેની વિગતો આપતાં સંસ્થા દ્વારા જણાવવામાં આવ્યું છે કે તા. ૮થી ૧૦ જૂન, શુક્રવારથી રવિવાર દરમિયાન કૈલાસ ગુરુકુલ, મહુવા, જિ. ભાવનગર ખાતે સદ્ભાવના ફોરમ પ્રેરિત સદ્ભાવના પર્વ-૯ યોજાશે.

તા. ૮મી જૂને બપોરે ૩થી ૬.૩૦ દરમિયાન પ્રથમ બેઠક યોજવામાં આવશે, જેમાં વિશ્વગ્રામનાં તુલા-સંજય દ્વારા પર્વની ભૂમિકા આપવામાં આવશે. વિખ્યાત સ્થપતિ બાલકૃષ્ણ દોશી બીજરૂપ વક્તવ્ય આપશે અને કલાજગત વિશે ચલચિત્ર સમીક્ષક અને ઈતિહાસવિદ્ અમૃત ગંગર વક્તવ્ય આપશે.

તા. ૯મી જૂને પ્રથમ બેઠક સવારે ૯થી ૧૨ દરમિયાન યોજાશે. આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત કર્મશીલ અને ગાંધી વિચારક પી વી રાજગોપાલ રાજ્યવ્યવસ્થા વિશે અને કૃષિ અર્થશાસ્ત્રી દેવીન્દર શર્મા અર્થ વ્યવસ્થા વિશે વક્તવ્ય આપશે.

બીજી બેઠક બપોરે ૩.૩૦થી ૬.૩૦ દરમિયાન યોજાશે, જેમાં સામાજિક કર્મશીલ સુષમા આયંગર સમાજ વ્યવસ્થા વિશે તથા પર્યાવરણશિક્ષણવિદ્ કાર્તિકેય સારાભાઈ પર્યાવરણીય વ્યવસ્થા વિશે વક્તવ્ય આપશે.

ત્રીજી બેઠક રાત્રિના ૮.૩૦થી ૧૦.૦૦ દરમિયાન યોજાશે, જેમાં સાહિત્યકાર ધ્રુવ ભટ્ટ હું, તત્ત્વમસિ અને રેવા વિશે વક્તવ્ય આપશે. ત્રીજા દિવસની પ્રથમ બેઠક એ આ પર્વની અંતિમ બેઠક બની રહેશે, જે સવારે ૯થી ૧૨.૩૦ દરમિયાન યોજાશે. આપણી વાત અંતર્ગત કાર્યકરોના અનુભવ અને પ્રતિભાવ રજૂ થશે. ત્યારબાદ સદ્ભાવના એવોર્ડ અર્પણ કરાશે. ગુજરાત કાર્યક્ષેત્ર માટે શિક્ષણવિદ, કર્મશીલ ડૉ. મહેરૂન્નિસા દેસાઈને, ભારત કાર્યક્ષેત્ર માટે ખુદાઈ ખિદમતગાર ફૈસલખાનને અર્પણ કરાશે. અંતે, સમાપન વ્યાખ્યાન મોરારિબાપુ દ્વારા આપવામાં આવશે.

# વિદ્યાર્થીઓને નોકરી કે ઈન્ટર્નશિપ માટે ફ્રી જોબ પોર્ટલ 'ગૂગલ કરિયર્સ' શરૂ થયું

### આ પ્રકારની સર્વિસ અગાઉ ગૂગલ અમેરિકામાં અપનાવી ચૂકી છે

ન્યુ દિલ્હી, તા.૧૭

ગૂગલે નોકરીવાંછુઓ માટે એક વિશેષ પ્રકારની સર્વિસ શરૂ કરી છે. આ પ્રકારની સર્વિસ અગાઉ ગૂગલ અમેરિકામાં અપનાવી ચૂકી છે, જેમાં તે સફળ રહી છે. ગૂગલ ફોર જોબ્સ ફીચરના માધ્યમથી આ સર્વિસનો લાભ લઈ શકાશે.

નોકરી આપનાર અને નોકરીવાંછુ બંને માટે સમાન પ્લેટફોર્મ ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે. ગૂગલ ફોર જોબ્સ ફીચર હાલમાં માત્ર અંગ્રેજી ભાષામાં ઉપલબ્ધ થશે. મોબાઈલથી ઉપયોગ કરવા માટે એન્ડ્રોઈડ અને આઈઓએસ પર ઉપલબ્ધ ગૂગલ એપના માધ્યમથી યુઝર્સ આ સર્વિસનો લાભ મેળવી શકે છે.


Want a job?

ગૂગલ કેટલીક પ્રદેશ સરકાર સાથે મળીને પણ નોકરીવાંછુઓને મદદ કરવાની યોજના પર કામ કરી રહી છે. ગૂગલ કરિયર્સમાં સ્ટુડન્ટ્સ માટે ખાસ સર્ચ ઓપ્શન અપાયો છે, જેમાં સ્કોલરશિપ અને ઈન્ટર્નશિપની માહિતી છે. કોલેજમાં ભણતા સ્ટુડન્ટ્સને તેમની જરૂરિયાત પ્રમાણેની ઓપોર્ચ્યુનિટી એક જ પ્લેટફોર્મથી મળશે. સ્ટુડન્ટ્સનો જોબ સર્ચનો સમય બચશે. ગૂગલના એકાઉન્ટમાં લોગ ઈન થઈને ગૂગલ સર્ચમાં ગૂગલ કરિયર સિલેક્ટ કરીને ઉમેદવારે ફોર્મ ભરવાનું હોય છે. ત્યારબાદ તેમાં Jobs near me અથવા Jobs for fresher લખતાં જ નવા ડેશબોર્ડમાં જૉબનું લિસ્ટ દેખાશે.

ગૂગલ પર નોકરીવાંછુ ઉમેદવાર જરૂરિયાત અને પસંદગીની જોબ પ્રોફાઈલ વિશે લખી શકે છે, જેમ કે પાર્ટટાઈમ કે ફુલ ટાઈમ, લૉકેશન, જૉબ ટાઈટલ અને તેના અનુભવ વિશેની માહિતી પણ લખી શકે છે. ગૂગલ ઈ-મેઈલ દ્વારા યુઝર્સ સુધી નોટિફિકેશન પહોંચાડે છે.

# ગાંધીજી અને સ્વાતંત્ર્ય આંદોલનના વિરલ સમયખંડને સર્જનાત્મક કૃતિરૂપે આલેખાયેલી બૃહદ નવલકથા : સત્ય

## આઝાદી આંદોલનની કથાને જયંત ગાડીતે સત્યોના સંઘર્ષ તરીકે જોઈ છે : સત્ય શું એ નવલકથાનો મુખ્ય વિષય છે




'સત્ય' એ ચાર ભાગમાં લખાયેલી સ્વાતંત્ર્ય આંદોલનની કથા છે. એમાં ગાંધીજી કેન્દ્રમાં છે. દક્ષિણ આફ્રિકા છોડી એ હંમેશ માટે ભારત પાછા ફર્યા ત્યાંથી કથાની શરૂઆત થાય છે અને આઝાદી મળ્યા પછી એમની હત્યા થાય છે ત્યાં કથા પૂરી થાય છે.

આઝાદી આંદોલનની કથાને જયંત ગાડીતે સત્યોના સંઘર્ષ તરીકે જોઈ છે. સત્ય શું એ નવલકથાનો મુખ્ય વિષય છે. ગાંધીજીનું સત્ય એ એક જ સત્ય ન હતું, બીજાં પણ સત્યો તે સમયે પ્રવર્તમાન હતાં. દરેક સત્ય પોતાની દિશામાં આગળ વધવા પ્રયત્ન કરે છે. એમ કરવા જતાં બીજાં સત્યો સાથે એ અથડામણમાં આવે એ સહજ છે. ભારતના સ્વાતંત્ર્ય સંઘર્ષના સમયનાં સત્યો વિભિન્ન ક્ષેત્રોનાં હતાં. કેટલાંક દેશની આઝાદી કેવી રીતે મેળવવી એની વિચાર-સરણીમાંથી ઊભાં થયેલાં. ગાંધીજી ભારત આવ્યા ત્યારે ગોખલે અને તેમના અનુયાયીઓની બંધારણવાદી વિચારસરણી હતી. એનીબેસન્ટ અને લોકમાન્ય તિલકની વિચારસરણી હોમરૂલની હતી. હિંસક ક્રાંતિને માર્ગે આઝાદી મેળવવા પ્રયત્નશીલ એવો એક વર્ગ પણ હતો. એ સમયે ગાંધીજી અહિંસાને માર્ગે આઝાદી મેળવવાનો જુદો વિચાર લઈને આવ્યા. પોતાના પ્રભાવથી એ અનોકોને આંદોલનને માર્ગે પોતાની સાથે લઈ ગયા. વર્ગહિત સાથે જોડાયેલી બીજી રાજકીય વિચારસરણીઓ પણ હતી. મુસ્લિમો અને મુસ્લિમ લીગની વિચારસરણી, દેશી રાજ્યના રાજાઓની વિચારસરણી, અસ્પૃશ્યોની વિચારસરણી, કોઈપણ ઉપાયો ભારતને આઝાદી અપાવવાની ફરજ પાડી. જે પ્રકારનું પાકિસ્તાન જોઈતું હતું તે પાકિસ્તાન ઝીણાને ન મળ્યું છતાં એમને એ સ્વીકારવું પડ્યું. કૉંગ્રેસ અને ગાંધીજીને આઝાદ એવું અખંડ ભારત જોઈતું હતું. પરંતુ એમને દેશના ભાગલા સ્વીકારવા પડ્યા. પોતાને જોઈતું બધું જ પૂરેપૂરું નહીં પણ અડધું-પડધું જ મેળવી શકવું એ જાણે મનુષ્યજીવનની નિયતિ છે.

આ નવલકથાના ચારભાગને લેખકે સત્ય-૧ પાવક અગ્નિ, સત્ય-૨ જ્વાળા, સત્ય-૩ ધૂંધવાતો અગ્નિ અને સત્ય-૪ દાવાનળ એવાં શિર્ષકો આપ્યાં છે. લેખક જયંત ગાડીત કહે છે કે હું ગાંધી યુગમાં જન્મ્યો અને અનુગાંધી યુગમાં જીવ્યો. આજે જીવનને આરે આવી પહોંચ્યો ત્યારે ગાંધીને યાદ કરવા બેઠો. આધુનિકતાના શોરબકોર વચ્ચે પાછળ ધકેલાઈ ગયેલો ગાંધી ક્યાંથી એકાએક બહાર આવ્યો. આજે તો ગાંધીને જીવતો કરવાનો રહ્યો પુસ્તકોમાંથી અને મેં મારા શબ્દોથી ગાંધીને ઊભો કરવા માંડ્યો. માત્ર ગાંધી નહીં, મેં ઊભું કરવા માંડ્યું છે સત્ય. શું છે સત્ય ? કોણ છે ગાંધી ? તે બધું આ નવલકથામાં આલેખવામાં આવ્યું છે.

આ નવલકથા વિશે જાણીતા વિદ્વાન રમણ સોની જણાવે છે કે, ભારતના સ્વાતંત્ર્ય આંદોલનમાં સક્રિયતાને કેન્દ્રમાં રાખતી આ બૃહદ કથા લખીને ગાંધી વિશે લખવાનું અને ગાંધી વિશે નવલકથા લખવાનું એક પડકારરૂપ સાહસ લેખકે કર્યું છે. એ મોટી જિજ્ઞાસા જગાડનાર ઘટના છે. એ વિરલ સમયખંડ કોઈ ઈતિહાસરૂપે કે ગાંધીચરિત્ર રૂપે નહીં પણ સર્જનાત્મક કૃતિ રૂપે આવે છે એથી એને એક પરિમામ મળે છે. નવલકથારૂપે આવેલી એ સમયની આ મહાગાથામાંથી પસાર થનારને એક સતત વલોવાટવાળા એ આંદોલનકાળનો જીવંત અનુભવ મળશે એ પ્રાપ્તિનું મૂલ્ય ઓછું નથી.

ઈતિહાસ અને નવલકથામાં અનેક ભેદ હોવા છતાં બંનેમાં રસનું તત્ત્વ મોજૂદ છે. હકીકતોની વાત કરતાં ઈતિહાસ વાંચવામાં રસ પડે છે અને વાર્તાનો ટોન નવલકથાને રસપ્રદ બનાવે છે અને આ બંનેનું મિશ્રણ જ્યારે ઐતિહાસિક નવલકથામાં થાય ત્યારે રસાનુભૂતિ તીવ્ર બને છે અને તેમાંય ગાંધીજીને મુખ્ય પાત્ર બનાવતી સત્ય પ્રકાશિત થાય ત્યારે કોઈપણ વાચકને માટે તેનું વાચન એક ઉત્કંઠાનો વિષય બને છે. તંતોતંત નિષ્ઠા, તીવ્ર નિસ્બત અને સત્યને તે જાળવી રાખવાના આગ્રહથી જીવનની છેલ્લી ક્ષણ સુધીના ધ્યેયને વરેલી 'સત્ય' જયંત ગાડીતની જીવન નિષ્ઠા બતાવતી અનુપમ કૃતિ છે.

સ્વાતંત્ર્ય સંગ્રામની પૂર્વભૂમિકા, ગાંધીજીના માનવ્યનો વિકાસ આલેખ, અંગ્રેજોનું શાસન, ગાંધીજીને ક્રમશઃ પહોંચેલી ઠેસ અને તેની સામે પૂરા આત્મબળથી તેમણે કરેલો મુકાબલો, ગાંધીજીના દેશવાસીઓને સ્વરાજ માટે તૈયાર કરવાની મથામણ, તે માટે તેમના અંતરમાંથી ઉગેલા આદર્શો અને તે આદર્શોને લોકો સમક્ષ વ્યક્ત કરવાની અને તેનું મહત્ત્વ સમજાવવાની કપરી કામગીરી - આવા તો અનેક મુદ્દાઓને કથારૂપે બયાન કરતી 'સત્ય' આપણને આઝાદીના સંગ્રામનો યથાતથ ચિતાર આપે છે.

પ્રચંડ પુરુષાર્થની આ ગાથાને લેખન માટે લેખકે એવો ભવ્ય પુરુષાર્થ કર્યો છે, જેનો ખ્યાલ આપણને નવલકથાના અંત ભાગે અઢીસોથી ત્રણસો જેટલા ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી સંદર્ભ પુસ્તકોની યાદી જોઈને આવે છે.

ગુજરાતી ભાષાને સાદ્યંત રસાળ, સળંગ અને હકીકતોનું સત્યપોત, સાહજિક બયાન કરતી મોહનદાસ ગાંધી જેવા યુગપુરુષની કથા આપવા માટે પુસ્તકને આવકારું છું અને લેખકને અભિનંદન પાઠવું છું. કેમ કે ભવિષ્યની પેઢી સત્ય અને અહિંસાને સમજવા માટે આ પ્રકારનાં પુસ્તકોને આધાર ગણશે.

ગાંધીજીના જીવન આધારિત બૃહદ નવલકથા
સત્ય : ભાગ-૧થી ૪
લેખક : જયંત ગાડીત
પ્રથમ આવૃત્તિ : ૨૦૧૬
કિંમત : (૧થી ૪નો સૅટ) રૂા. ૧૧૦૦/-
પ્રકાશક : ડિવાઈન પબ્લિકેશન્સ
૩૦, બીજો માળ, કૃષ્ણ કોમ્પલેક્સ, જૂનું મોડેલ સિનેમા, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧

**- નટવર હેડાઉ**